અપીલ અરજી નં.૧૭૨ તા.૨–૯–૦૯/૧૦

અરજદારઃ– શ્રી નિલેશકુમાર શાંતિલાલ લોટવાલા

સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી નિલેશકુમાર શાંતિલાલ લોટવાલાની તા.૧૮–૭–૦૯ ની અરજીથી માંગેલ માહિતીના અનુસંધાને નં.જીએડી /ઈએસટી/૧૫૮૯ થી આપવામાં આવેલ માહિતી બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૨–૯–૦૯ ની અપીલ અરજી નં.૧૭૨/૨૦૦૯–૧૦

શ્રી નિલેશકુમાર શાંતિલાલ લોટવાલાની તા.૧૮–૭–૦૯ ની અરજીથી માંગેલ માહિતીના અનુસંધાને નં.જીએડી /ઈએસટી/૧૫૮૯ થી આપવામાં આવેલ માહિતી બાબતે આપેલ જવાબ અયોગ્ય,વાહીયાત,સત્યથી વેગડો અને અન્યાયી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨–૯–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૩૩ તા.૧૧–૯–૦૯ થી ડે.કમિશ્નર(પઅનેઈ) જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) તથા અરજદારને મુળ અરજીની નકલ ,અરજી ફી ભર્યાની વિગત, સબંધિત જાહેર માહિતી અધિકારીનું નામ અને અપીલના આધાર અને વાજબીપણું સહિતની વિગતો માટે અપીલ ફોર્મ નમુનો 'જ' મોકલવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી કોઈ વિગતો પૂરી પાડવામાં આવેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જાવક નં.જીએડી/ઈએસટી/૧૮૬૦ તા.૧૭–૯–૦૯ ના રોજ અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં રીક્રુટમેન્ટ તરફથી નં.જીએડી/ઈએસટી/આર/૩૬૬ તા.૨૨–૭–૦૯ નો તબદીલ પત્ર, અરજદારની તા.૧૮–૭–૦૯ ની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, રેકર્ડ નાશ અંગેની નકલ, તા.૧૯–૩–૯૭ નો શ.વિ. અને શ.વિ.ગૃ.નિ. વિભાગનો પત્ર, તા.૨૨–૬–૯૯ ની જાહેરાતની અંગ્રેજી/ગુજરાતીની નકલ, નં.સી.૨૫૫ તા.૫–૬–૨૦૦૦ ની દરખાસ્તની નકલ, તા.૮–૬–૨૦૦૦ ના રોજ થયેલ સ્થા.સ. ઠરાવ નં.૮૭૫ ની નકલ, નં.જીએડી/ઈએસટી/૮૮૮ તા.૧૭–૬–૨૦૦૦ ના ઓર્ડરની નકલ, તા.૨૬–૬–૨૦૦૦ ના રોજ સા.સ. ઠરાવ નં.૩૪૩ ની નકલ, નં.જીએડી/ઈએસટી/૧૪૭૮ તા.૧૮–૮–૦૯ ની માહિતી મેળ વી લેવા અરજદારને પાઠવેલ પત્રની નકલ, તથા નં.જીએડી/ઈએસટી/૧૫૮૯ તા.૨૬–૮–૦૯ ના રોજ અરજદારને પૂરી પાડેલ માહિતીની નકલ પૂરક વિગતોમાં અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૧૮–૭–૦૯ ની અરજીથી મુદ્દા નં.૪.(૧) માં માંગેલી માહિતી તા.૧૯–૩–૯૭ પહેલા શહેર વિકાસ અધિકારીની અનુસૂચિત જનજાતિના ઉમેદવાર માટે કેટલીવાર વર્તમાન પત્રો કે અન્ય રીતે જાહેરાત બહાર પાડી? કેટલા ઉમેદવારોએ અરજી કરી? કેટલા ઉમેદવારોને ઈન્ટરવ્યુમાં બોલાવવામાં આવ્યા અને તે અંગે શું નિર્ણય કરવામાં આવ્યા ? તમામની પુરાવાની ખાતાકીય કાર્યવાહીના રીપોટીંગના પ્રમાણિત નકલો માંગવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૧–૧–૯૧ થી તા.૩૦–૯–૯૬ ની જાહેરાતની નકલની ફાઈલ પોટલા નં.૮ કેટેગરી–ડી ના નાશ કર્યાની યાદી ની નકલ રજૂ કરેલ છે. તેમજ અરજદારે પણ તે અંગેનો ઉલ્લેખ અપીલ તબકકે કરેલ છે જેથી મુદ્દા નં.૧ ની માહિતી આપવાનો પ્રશ્ન રહે નહીં તેથી તે દફતરી માહિતી અરજદારને મળ્યા હોવાનું ફલિત થાય છે. મુદ્દા નં. ૪(૨) શ.વિ. અને શ.વિ.ગૃ.નિ. વિ. સચિવાલય, ઉપસચિવશ્રીના પત્ર ક્રમાંક સુમન/૮૦૯૫/૩૧૫૪/પી તા.૧૯–૩–૯૭ ના રોજ કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકાને પાઠવેલ પત્રમાં દર્શાવેલ શરતો બાબતે તા.૧૪–૭–૦૯ સુધી શું શું કાર્યવાહી કરી તેતમામ હુકમો/પત્ર વ્યવહારો પુરાવાઓની અને ખાતાકીય કાર્યવાહીના રીપોટીંગની પ્રમાણિત નકલોની માંગણી કરેલ. જે અં ગે જાહેર માહિતી અધિકારીના તરફથી તા.૨૬–૮–૦૯ ના પત્રથી આપેલ માહિતીમાં ચૂંટણી બાદ નિર્ણય લેવા તા.૪–૮–૯૯ ના કમિશ્નરશ્રીના આદેશની નકલ મુદ્દા નં.૪ (૩) સુરત મહાનગરપાલિકાના કમિશ્નરશ્રીના પત્ર ક્રમાંક નં.જીએડી/ઈએસટી/૨૬૫ તા.૨/૪–૫–૯૮ ના નિમણુંક પત્રથી શહેર વિકાસ અધિકારીશ્રી કેતન પટેલની નિમણુંક તદ્દન હંગામી અને એડહોક ધોરણે તેમજ ભવિષ્યમાં જયારે પણ અનુસૂચિત જનજાતિના ઉમેદવાર ઉપલબ્ધ થાય ત્યારે તેમને નિમણું ક આપવા માટે આ નિમણુંક આપોઆપ સમાપ્ત થયેલી ગણાશે તેવી શરતોને આધીન શરતી નિમણુંક આપવામાં આવેલ. તે સઘળા ૧૪ કાગળોની નકલો અરજદારને પૂરી પડાયેલ છે. જયારે મુદ્દા નં.૪(૩) તા.૨૫–૫–૯૮ ના રોજથી આજ દિન સુધી શહેર વિકાસની પોસ્ટ માટે અનુસુચિત જનજાતિના ઉમેદવાર માટે શું કાર્યવાહી કરી અને કેટલા વર્તમાનપત્રોમાં જાહેરાત આપવામાં આવી અને કેટલા ઉમેદવારોની અરજી આવી અને કેટલા ઉમેદવારોને ઈન્ટરવ્યુમાં બોલાવવામાં આવ્યા અને સમગ્ર બાબતે શું નિર્ણય લેવામાં આવ્યો આ તમામ બાબતે તા.૫–૫–૯૮ થી તા.૧૪–૭–૦૯ સુધી થયેલ તમામ ખાતાકીય કાર્યવાહીના રીપોટીંગ તથા પુરાવા સહિતની પ્રમાણિત નકલોની માંગણી કરવામાં આવેલ. જે પૂરી પાડવામાં આવેલ જણાતી નથી. જાહેર માહિતી અધિકારી તરફથી તા.૨૬–૮–૦૯ના પત્રથી આપેલ માહિતીમાં મુદ્દા નં.૪ માં આપેલ માહિતી ચેપ્ટર પ્રોવાઈઝો અન્વયે નિમણુંક આપવાના દરખાસ્ત રજૂ કરવાના આદશો દરખાસ્ત અને સ્થા.સ. ઠરાવ નં.૮૭૫/૨૦૦૦ તા.૮–૬–૨૦૦૦ની નકલ સદર ઠરાવ અનુસં ધાને નિમણુંક કરવાના કચેરી હુકમ કરવાના આદેશો. કચેરી હુકમ અને નિમણુંક મેમો નંબર નં.જીએડી/ઈએસટી/૮૮૮ તા.૧ ૭–૬–૨૦૦૦ તથા નિમણુંકને બહાલી આપતો સા.સ નો ઠરાવ નં.૩૪૩/૨૦૦૦ તા.૨૬–૬–૨૦૦૦ની નકલ

અરજદારને તેવી માહિતી આપવામાં આવેલ છે. તેમજ જાહેર માહિતી અધિકારીએ પત્ર નં. નં.જીએડી/ઈએસટી/ ૧૪૭૮ તા.૧૮–૮–૦૯ ના રોજ પાઠવેલ પત્ર અંગેની માહિતી અરજદારે રસીદ નં.૭૮૦૩૩ તા.૨૬–૮–૦૯ ના રોજ મેળવેલ છે. આમ જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૪(૩) માં જણાવેલ માહિતી સિવાયની મુદ્દા નં.૧ અને ૨ની દફતરી ઉપલબ્ધ આનુષાંગિક રીપોર્ટ અને નકલો સહિતની પાના નં.૧૪ ની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પડાયેલ છે. અરજદારે તેમની અપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારીએનં.જીએડી/ઈએસટી/૧૫૮૯ તા.૨૬–૮–૦૯ ના રોજ આપવામાં આવેલ જવાબ અયોગ્ય ,વાહીયાત સત્યથી વેગળો અને અન્યાયી છે રેકર્ડ નાશ કરવામાં આવેલ છે તે તદ્દન બોગસ, જુઠ્ઠો અને ખોટો જવાબ આપવામાં આવેલ છે તેમજ સરકારશ્રીના કયા કાયદાને આધીન આ રેકર્ડનો નાશ કરવામાં આવેલ છે તેની પ્રમાણિત નકલો આપવામાં આવેલ નથી તેમજ તે અંગે ખાતાકીય થયેલ કાર્યવાહીની રીપોટીંગની પ્રમાણિત નકલો આપવામાં આવેલ નથી. તેમજ રેકર્ડ નાશ કરવાની સત્તા કયા અધિકારીની છે? અને તેને તે સત્તા કયાં કાયદાને આધીન આપવામાં આવેલ છે ? તેની પ્રમાણિત નકલો આપવામાં આવેલ નથી તેમજ જવાબી પત્રમાં જણાવ્યા મુજબ કોઈ પણ વર્તમાન પત્રની નકલો આપવામાં આવેલ નથી. તેમજ અરજદારની અરજી અંગેની નકલો તેમજ ખાતાકીય કાર્યવાહીની રીપોટીંગની નકલો આપવામાં આવેલ નથી અને કયા કારણોસર અરજદારની અરજી રદ કરેલ છે. તેના અરજદારની અરજીના પુરાવાની નકલો તેમજ ખાતાકીય કાર્યવાહીની રીપોટીંગની નકલો આપેલ નથી. તથા ચેપ્ટર પ્રોવાઈઝો અન્વયે નિમણુંક આપેલ છે. તો ચેપ્ટર પ્રોવાઈઝો કયા કાયદાને આધીન નિમણુંક આપેલ છે તમામ કાયદાના કાયદાકીય પેપરોની પુરાવાની નકલો આપેલ નથી તેમજ સા.સ. ઠરાવ નં.૩૪૩/૨૦૦૦ ગુજરાત રાજય સરકારશ્રીની મંજુરી આપવામાં આવેલ કોઈ પત્રની નકલો આપવામાં આવેલ નથી. તે અંગે ખાતાકીય કાર્યવાહીના રીપોટીંગના પુરાવાના પ્રમાણિત નકલો આપવામાં આવેલ નથી તેવી રજૂઆત અરજદારે મુળ અરજીથી અલાયદા પ્રશ્નો ઉપસ્થિત કરી માંગણી કરવામાં આવેલ છે તેમજ અરજદારે અપીલમાં રજૂ કરેલા અયોગ્ય વાહીયાત સત્યથી વેગળો અને અન્યાયી વિગેરે બાબતે અપીલ તબકકે તક આપવા છતાં પણ વાજબીપણાના કોઈ આધારો રજૂ કરેલ નથી.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૭–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી નહીં પૂરી પડાયેલી મુદ્દા નં.૪(૩) ની શરતી નિમણુંક બાદ તા.૨૫–૫–૯૮ થી આજ દિન સુધી આ અંગે થયેલ કાર્યવાહીની માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડે.કમિશનર(પઅનેઈ) જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦ – ૦૯

***ડે.કમિશનર(જનરલ.)***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશનર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ).... જાણ તથા અમલ માટે.
(૨) શ્રી નિલેશકુમાર શાંતિલાલ લોટવાલા,